# FIRST INFORMATION REPORT

## પ્રથમ માહિતી અહેવાલ

## (Under Section 173 B.N.S.S)

## (ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 173 હેઠળ)

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | District (જીલ્લો) | વલસાડ | Police Station (પોલીસ સ્ટેશન) | વાપી જી.આઇ.ડી.સી | Year (વર્ષ) | 2025 | FIR No. (પ્ર.મા.અ.ક્રમાંક) | 11200049251533 | Date (તારીખ) | 04/08/2025 |

2 (i) Act (અધિનિયમ): બી.એન.એસ — Sections (કલમો): 308(6),308(7),54

3 (a) Occurrence of offence:
(ક) (ગુન્હો બન્યાનો સમયગાળો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| Day. (દિવસ) | શનિવાર | Date from (તારીખથી) | 21/06/2025 | Date to (તારીખ સુધી) | 22/07/2025 |
| Time Period (સમયગાળો) | | Time from (કલાકથી) | 17:30 | Time to (કલાક સુધી) | 13:48 |

(b) (ખ) Information received at PS: (પોલીસ મથકે માહિતી મળ્યા) — Date (તારીખ): 04/08/2025 — Time (સમય): 19:00

(c) (ગ) General Diary Reference:Entry No. (સ્ટેશન ડાયરી સંદર્ભ: એન્ટ્રિ નં) — Time (સમય):

4 Type of Information:(માહિતીનો પ્રકાર) મૌખિક

5 Place of Occurrence:
(ઘટનાનું સ્થળ)

(a) (ક) Direction and distance from P.S. (પોલિસ સ્ટેશનથી દિશા અંતર): ઉતર,1.00 (કિ.મી.) — Beat No. (બીટ નંબર):

(b) (ખ) Address (સરનામું): મોજે પોલીસપર્સ કેમીકલ્સ નામની કંપની પ્લોટ નંબર જે બેહજારત્રણસો ઓગણત્રીસ થર્ડ ફેઈઝવાપી જીઆઈડીસી,
ગામ. વાપી જીઆઈડીસી,
તા. Vapi,
જી. વલસાડ.

(c) In case, outside the limit of this Police Station, then
(ગ) (પોલીસ સ્ટેશનની હદની બહાર હોય તો તે પોલીસ સ્ટેશનનું નામ)

Name of P.S. (પોલીસ સ્ટેશનનું નામ): — District (જીલ્લો):

6 Complainant/Informant:

(ફરિયાદી / બાતમીદાર)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (a) (ક) | Name (નામ) | રાજકુમાર કાર્તિકેય ભેરૈયા | (b) (ખ) | Father's/Husband's Name (પિતા/પતિનું નામ) | કાર્તિકેય ભેરૈયા | |
| (c) (ગ) | Date/Year of Birth (જન્મ તારીખ / વર્ષ) | | 49 | (d) (ઘ) | Nationality (રાષ્ટ્રીયતા) | ભારતીય |
| (e) (ઙ) | | | | | | |
| (f) (ચ) | Occupation (ધંધો) | વહેપારી | (g) (છ) | Address (સરનામું) | હસ્તગીરી અપાર્ટમેન્ટ માનવ કલ્યાણ ટ્રસ્ટની બાજુમાં વાપી નગર પાલીકાની બાજુમાં, ગામ. વાપીટાઉન, તા. Vapi, જી. વલસાડ. | |

7 Details of known/suspected/unknown accused with full particulars:
(Attach seperate sheet, if necessary)
(ઓળખાયેલ/શકમંદ/વણઓળખાયેલ આરોપીની તમામ વિગતો સાથેની માહિતી)
(જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી)

| Accused Name (તહોમતદારનું નામ) | Age(Approx.) (ઉમર) (આશરે) | Address (સરનામું) |
|---|---|---|
| (1) મેરૂભાઈ હમીરભાઈ ગઢવી | | ગામ. વાપીટાઉન, તા. Vapi, જી. વલસાડ. |
| (2) જીતેન્દ્ર કિશોરભાઈ વાડવેકર | | ગામ. વાપીટાઉન, તા. Vapi, જી. વલસાડ. |
| (3) અવનીશભાઈ | | |
| (4) આલમભાઈ | | ગામ. વાપીટાઉન, તા. Vapi, જી. વલસાડ. |

8 Reasons for delay in reporting by the complainant/Informant
(ફરિયાદી/બાતમીદાર તરફથી ગુન્હાની જાણ કરવામાં વિલંબ થવાના કારણો)

-

9 Particulars of properties stolen(Attach seperate sheet, if necessary)
(ચોરાયેલી/ગુન્હામાં સંડોવાયેલ ચીજ વસ્તુઓની વિગતો) (જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી).

10 Total value of property stolen
(ચોરાયેલી / ગુન્હામા સંડોવાયેલ ચીજ વસ્તુઓની કુલ કિમંત
)

11 Inquest Report/U.D. case No. if any
(મુત્યુ વિષયક તપાસ અહેવાલ / અકુદરતી મોતનો નંબર હો

ય તો તે)

12 First Information contents(Attach seperate sheet, if required)
(પ્રથમ માહિતી અહેવાલની વિગતો)(જરૂર જણાયતો અલાયદો કાગળ જોડવો)

તે એવી રીતેની છે કે, ઉપર બતાવેલ તારીખ, ટાઇમ તથા જગ્યાએ પત્રકાર આરોપીઓ (૧) મેરૂભાઈ હમીરભાઈ ગઢવી, મો.નં. ૯૭૨૭૫૩૫૩૦૧ (૨) જીતેન્દ્ર કિશોરભાઈ વાડવેકર મો.નં. ૯૩૧૬૧૬૪૦૯૪, (૩) અવનીશભાઈ (૪) આલમ ભાઈ જેઓના પુરા નામ ખબર નથી તમામ રહે. વાપી તથા અન્ય બે ઈસમો જેઓના નામ સરનામા ખબર નથી નાઓ એ ગઈ તા.૨૧/૦૬/૨૦૨૫ થી તા.૨૨/૦૭/૨૦૨૫ દરમ્યાન ફરીયાદીશ્રીની કંપની આગળ ગંદા પાણીનો વિડીયો બનાવી ફરીયાદીશ્રીની કંપની વિરૂધ્ધ જી.પી.સી.બી.માં ખોટી ફરીયાદ કરી ફરીયાદીને આજીવન કેદમાં ફસાવી દેવાની તેમજ ફરીયા દીશ્રીની કંપની બંધ કરાવાની ધમકી આપી આ કામના ફરીયાદી પાસેથી રૂ.૬૦,૦૦૦/ ની માંગણી કરી તે પૈકી રૂ.૧૫,૦૦ ૦/ બળજબરીથી ડરાવી, ધમકાવી, કઢાવી લઈ એકબીજાની મદદગારી કરી ગુનો કર્યા વિગેરે બાબત

Complaint(ફરિયાદ)

તા.૦૪/૦૮/૨૦૨૫

મારૂ નામ રાજકુમાર કાર્તિકેય ભેરૈયા, ઉ.વ.૪૯, ધંધો વેપાર, રહે. ૪૦૫, હસ્તગીરી અપાર્ટમેન્ટ માનવ કલ્યાણ ટ્રસ્ટની બાજુમાં વાપી નગર પાલીકાની બાજુમાં, તા.વાપી, જી.વલસાડ. મુળ રહે. હડાળા ભાલ, તા.ધોળકા, જી.અમદાવાદ. મો .નં. ૯૯૨૫૬૫૩૫૫૭. આધાર નંબર ૩૭૨૮ ૩૯૯૮ ૩૫૪૧.

રૂબરૂમાં આવી જાહેર કરી મારી ફરીયાદ હકીકત લખાવુ છુ કે, હું ઉપરના હાલના સરનામે મારા પરીવાર સાથે રહુ છુ અ ને વાપી જીઆઈડીસી, થર્ડ ફેઈઝ, પ્લોટ નંબર J-૨૩૨૯, તા.વાપી, જી.વલસાડ ખાતે ‘‘“પોલીસપર્સ કેમીક‘‘ ના નામે ક પડાના કલરની ડાઈઝ બનાવવાની કંપની સને ૧૯૯૬ ના વર્ષથી ચલાવી મારૂ ગુજરાન ચલાવુ છું.

હાલમાં માહે ૦૬/૨૦૨૫ ના માસથી વરસાદની સીઝન ચાલુ થયેલ હોય અને ચાલુ જુન માસના ત્રીજા અઠવાડીયાના વા પીમાં ખુબ વરસાદ પડેલ હોવાથી મારી કંપની વાપી જીઆઈડીસી થર્ડ ફેઈઝ વિસ્તારના નિચાણવાળા વિસ્તારમાં આવેલ હોવાથી આજુબાજુના વિસ્તારનું વરસાદી ગંદુ પાણી કંપનીની અંદર આવી ગયેલ હતુ. તેમજ મારી કંપની આગળ ડામર રોડ બનેલ હોય જે ડામર રોડ બનવાના કારણે રોડની બાજુની જગ્યા નીચાણ છે. જેમાં વરસાદના સમયે પાણી ભરાય છે . જે વરસાદી પાણી ભરાવાના દિવસે એટલે કે તા.૨૧/૦૬/૨૦૨૫ ના રોજ વાપીના પત્રકાર જેવા ચાર માણસો હાથમાં મોબાઈલ તથા કેમેરા લઈ મારી કંપનીની બહાર આગળના ભાગે આવી વિડીયો ઉતારેલ અને અમારી કંપનીના માણસ સુ રેશભાઈને કહેલ કે તમારા શેઠને બોલાવો જેથી મારી કંપનીના માણસ સુરેશભાઈએ મને જાણ કરતા હું કંપનીની બહાર ગયેલ અને આ લોકોને મળતા તેઓએ પોતાના નામ (૧) મેરૂભાઈ હમીરભાઈ ગઢવી મો.નં. ૯૭૨૭૫૩૫૩૦૧, (૨) જી તેન્દ્ર કિશોરભાઈ વાડવેકરમો.નં. ૯૩૧૬૧૬૪૦૯૪, (૩) અવનીશભાઈ અને (૪) આલમભાઈ નાઓ હોવાનું જણાવેલ અને મને કહેલ કે, અમે મીડીયામાંથી આવીએ છીએ. તમારી કંપનીના કેમીકલને કારણે વરસાદી પાણી દુષીત થયેલ છે. જેનો અમે વિડીયો બનાવેલ છે. અમો આ વિડીયો મીડીયામાં વાયરલ કરી તમારા વિરૂધ્ધ જી.પી.સી.બી.માં ફરીયાદ કરવા ના છીએ. જેથી મે તેમને જણાવેલ કે, આ વરસાદી પાણી છે. જે અમારી કંપનીના કેમીકલના કારણે દુષિત થયેલ નથી અ ને અમે કોઈ ગેરકાયદેસર કામ કરતા નથી. તેમ છતા તમારે ચેક કરવુ હોય તો તમે અમારી કંપનીમાં આવી, જોઈ શકો છો . તેમ કહેતા આ લોકો ત્યાથી જતા રહેલ હતા.

ત્યાર બાદ બીજા દિવસે એટલે કે તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ ઉપરોકત ચારેય પત્રકારો ફરીથી મારી ઓફીસમાં મને મળ વા માટે આવેલ અને મને તેઓએ મારી કંપની આગળ ઉતારેલ વિડીયો બતાવી કહેલ કે, આ વિડીયો અમે મીડીયામાં મોકલ વાના છીએ અને જી.પી.સી.બી.માં ફરીયાદ પણ કરવાના છીએ અને જેના કારણે તમારા ઉપર કેસ થશે તમારે આખી જીં દગી જેલમાં જવુ પડશે અને તમારી કંપની બંધ થઈ જશે. જો તમારે આ કાર્યવાહીથી બચવુ હોય તો અમે કુલ-૦૬ પત્રકા રો છીએ. જે પૈકી હાલ ચાર હાજર છીએ અને બાકીના બે બહાર છે. જે તમામને એક વ્યકિતના રૂ.૧૦,૦૦૦/- લેખે કુ લ રૂ.૬૦,૦૦૦/- આપવા પડશેઅને અમારા મીડીયામાં અમે જયારે કહીએ ત્યારે જાહેરાત પણ આપવી પડશે. જેથી મે તે ઓને કહેલ કે, અમે આવુ કોઈ ખોટુ કરતા નથી. તમારે જે કરવુ હોય તે કરી શકો છો. જેથી આ લોકો મને હવે તુ કંપની કેવી રીતે ચલાવે છે તેમ કહી મારી કંપની ઉપરથી જતા રહેલ હતા.ફરીથી બે ત્રણવાર આ રીતે મારી પાસે ફોન કરી તેમજ

રૂબરૂ આવી વારંવાર પૈસાની માંગણી કરી મને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપેલ પરંતુ મે તેમની વાત માનેલ નહી.

ગઈ તા.૨૧/૦૭/૨૦૨૫ ના રોજ જી.પી.સી.બી.ના અધિકારશ્રીઓ એન.કે.વાળંદ તથા બી.ડી.ગોહિલ નાઓ મારી કંપની ઉપર તપાસ કરવા માટે આવેલ અને તેઓએ મને જણાવેલ કે, તમારી કંપની વિરૂધ્ધ પત્રકારોએ રજુઆત કરેલ છે. જેથી અમે તપાસ કરવા માટે આવેલ છીએ અને આ અધિકારીશ્રીઓ મારી કંપનીમાંથી તથા કંપની બહારથી ગંદા પાણીના સેમ્પલ લઈ જતા રહેલ હતા. જેથી હું ખુબ જ ગભરાઈ ગયેલ હતો અને મને લાગેલ કે, આ પત્રકારો મને ખોટી રીતે ખોટા કેસમાં ફસાવી દેશે. જેથી મેં મારા ભાગીદાર વિજય પંચાલને વાત કરેલ જેથી મારા ભાગીદારે મને આ પત્રકારો સાથે મીટીંગ કરી તેમને સમજાવવા જણાવતા મેં આ પત્રકારોને તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ મારી ઓફીસે બોલાવેલા અને તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ સવારના આશરે ૧૧/૩૦ વાગે ઉપરોકત ચારેય પત્રકારો મારી ઓફીસે આવેલ. જે વખતે મે તથા મારા ભાગીદાર વિજયભાઈએ ઉપરોકત ચારેય પત્રકારોને સમજાવવા પ્રયત્ન કરેલ અને અમને ખોટી રીતે હેરાન ન કરવા વિનંતી કરેલ તેમ છતા આ પત્રકારો માનેલ નહી અને મને કહેલ કે તમારે કોઈ પણ સંજોગોમાં રૂપીયા તો આપવા જ પડશે. જો નહી આપશો તો હાલ તો જી.પી.સી.બી. માં ફરીયાદ કરી છે. હવે પછીથી મીડીયામાં તમારી કંપનીનો વિડીયો વાયરલ કરી તમને જેલમાં પુરાવી તમારી કંપની બંધ કરાવી દેશુ. જેથી મે તેમને કહેલ કે, રૂ.૬૦,૦૦૦/- ખુબ જ મોટી રકમ છે. અમે હાલ તમોને આટલા બધા રૂપિયા આપી શકીએ તેમ નથી. જેથી તેઓએ અમને કહેલ કે, હાલ થોડા રૂપીયા આપો બાકીના પછી આપજો તેમ કહી આ મેરૂભાઈ તથા જીતેન્દ્રભાઈએ તેઓના યુ.પી.આઈ. પેમેન્ટના QR કોડ મને વોટસએપ મેસેજથી મોકલતા મેં મારી કંપનીના બેંક ઓફ બરોડાના એકાઉન્ટમાંથી રૂ.૭,૫૦૦/- મેરૂભાઈ ગઢવી તથા રૂ.૭,૫૦૦/- જીતેન્દ્રભાઈ કિશોરભાઈના સ્કેનર દ્વારા ઓનલાઈન ટ્રાન્સફર કરેલ અને ત્યાર બાદ આ લોકો બાકીના રૂ.૪૫,૦૦૦/- જેમ બને તેમ જલ્દી આપી દેજો તેમ કહી જતા રહેલ હતા.

ત્યાર બાદ મને જાણવા મળેલ કે, આ લોકોએ મારી જેમ અન્ય ઘણા કંપનીના માલીકો સાથે આ રીતે ધમકીઓ આપી રૂપિયા પડાવેલ છે. જેથી મેં આ બાબતે મારા ભાગીદાર તથા અન્ય કંપનીના માલીકો સાથે ચર્ચા કરતા તેઓએ મને આ લોકો વિરૂધ્ધ ફરીયાદ કરવાની સલાહ આપતા આજરોજ હું અત્રે મોડો ફરીયાદ કરવા આવેલ છુ.

આમ, ઉપરોકત પત્રકારો (૧) મેરૂભાઈ હમીરભાઈ ગઢવી, મો.નં. ૯૭૨૭૫૩૫૩૦૧ (૨) જીતેન્દ્ર કિશોરભાઈ વાડવેકર મો.નં. ૯૩૧૬૧૬૪૦૯૪, (૩) અવનીશભાઈ (૪) આલમભાઈ જેઓના પુરા નામ ખબર નથી તમામ રહે. વાપી તથા અન્ય બે ઈસમો જેઓના નામસરનામા ખબર નથી નાઓએ ગઈ તા.૨૧/૦૬/૨૦૨૫ થી તા.૨૨/૦૭/૨૦૨૫ દરમ્યાન મારી કંપની આગળ ગંદા પાણીનો વિડીયો બનાવી મારી કંપની વિરૂધ્ધ જી.પી.સી.બી.માં ખોટી ફરીયાદ કરી મને આજીવન કેદમાં ફસાવી દેવાની તેમજ મારી કંપની બંધ કરાવાની ધમકી આપી મારી પાસેથી રૂ.૬૦,૦૦૦/- ની માંગણી કરી તે પૈકી રૂ.૧૫,૦૦૦/- બળજબરીથી ડરાવી, ધમકાવી, કઢાવી લઈ એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ હોય ઉપરોકત ચારેય ઈસમો તથા તેઓની સાથે અન્ય બે અજાણ્યા ઈસમો વિરૂધ્ધમાં કાયદેસર થવા ફરીયાદ છે.

એટલી મારી ફરીયાદ હકીકત મારા લખાવ્યા મુજબ બરાબર અને ખરી છે

રૂબરૂ

..........................................................

( એમ.પી.પટેલ)

પોલીસ ઈન્સ્પેકટર

વાપી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન

13 Action Taken : Since the above information reveals commission of offence(s) u/s as mentioned at Item No. 2:
(લીધેલ પગલાં : ઉપરના અહેવાલની ઉપરની આઇટમ નં.(2) માં જણાવ્યા પ્રમાણેનો ગુન્હો બન્યાનું જણાઈ આવતા)

(1) Registered the case and took up the investigation or(કેસની નોંધણી કરી તપાસ હાથ ધરી છે)

(2) Directed (Name of I.O.) take up the Investigation or(તપાસ કરનાર અધિકારીનું નામ):- મયુરકુમાર પ્રવિણભાઈ  પટેલ Rank(હોદ્દો):- પોલીસ ઈન્સ્પેકટર

No.:- mpp051181 to take up the Investigation or(નંબર)

F.I.R. read over to the complainant/informant, admitted to be correctly recorded and a copy given to the complainant/informant, free of cost.
(પ્રથમ માહિતી અહેવાલ ફરિયાદી / બાતમીદારને વાંચી સંભળાવેલ છે અને ફરિયાદીએ લખાવ્યા પ્રમાણેજ નોંધવામાં આવેલ છે. તેવુ ફરિયાદી / બાતમીદારે સ્વીકરેલ છે અને ફરીયાદી / બાતમીદારને તેની નકલ વિના મુલ્યે આપવામાં આવી છે.)

R.O.A.C.
(વાંચી સંભળાવવામાં આવ્યું અને તે બરાબર છે.)

Signature of Officer in charge, Police Station
(પોલીસ મથકનો હવાલો ધરાવતા અધિકારીની સહી.)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 14 | Signature/Thumb Impression of the complainant/informant.<br>(ફરિયાદી/બાતમીદારની સહી/અંગૂઠાની છાપ) | Name<br>(નામ) | મયુરકુમાર પ્રવિણભાઇ પટેલ | | | |
| | | Rank<br>(હોદ્દો) | પોલીસ ઈન્સ્પેકટર | GPF No<br>(જીપીએફ નંબર) | mpp051181 | |
| 15 | Date and time of dispatch to the court.<br>(ફરિયાદ કૉર્ટમાં રવાના કર્યાની તારીખ અને સમય) | 04/08/2025 19:00 | | | | |